**HQ-527-528** Seat No.________

# M. A. (Sem. - IV) Examination

## March / April – 2015

## Gujarati : Paper - 404

### (1) પર્યાવરણ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ *(Option - II)*

### (2) 'અનુવાદ વિજ્ઞાન અને અનુવાદ સાહિત્ય' (કૃતિ : 'ખુરશીઓ') *(EC-404-III)*

Time : 3 Hours] [Total Marks : **70**

**સૂચના :** દરેક પ્રશ્નના સમાન ગુણ છે.

### (1) પર્યાવરણ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ *(Option - II)*

૧ 'પર્યાવરણ' એટલે શું ? તેના મુખ્ય પ્રકારોની વિગતે ચર્ચા કરો. ૧૪

અથવા

૧ 'પર્યાવરણ' નું મહત્ત્વ દર્શાવી તેના ઘટકોનો પરિચય કરાવો.

૨ 'પ્રદૂષણ' એટલે શું તેના વિવિધ પ્રકારોની સોદાહરણ ચર્ચા કરો. ૧૪

અથવા

૨ 'પ્રદૂષણ' થવાનાં કારણો ચર્ચી, તેની પર્યાવરણ ઉપર થતી અસર અંગે વિગતે લખો.

૩ પર્યાવરણીય શિક્ષણ અને પ્રશિક્ષણ અંગે નોંધ લખી, તેના સંસાધનોના આયોજનનો ટૂંકમાં પરિચય આપો. ૧૪

અથવા

૩ ટૂંકનોંધ લખો :

(૧) પર્યાવરણીય પ્રભાવ

(૨) પ્રદૂષણ નિયંત્રણ અંગે.

૪ માનવ પ્રેરિત વિવિધ આપત્તિઓનો વિગતે ખ્યાલ આપી તેની અસરો વિશે ચર્ચા કરો. ૧૪

**અથવા**

૪ આપત્તિ પૂર્વેના વ્યવસ્થાપનમાં કઈ કઈ જોગવાઈઓ કરવામાં આવે છે ? વિગતે ચર્ચો.

૫ ટૂંકમાં મુદ્દાસર ઉત્તર લખો : (કોઈપણ **સાત**) ૧૪

(૧) જૈવિક આપત્તિઓ એટલે શું ? તે કઈ કઈ છે ?

(૨) 'પર્યાવરણ' એટલે શું ? સમજ આપો.

(૩) વસ્તી વૃદ્ધિની પર્યાવરણ પર કેવી અસર પડે છે ? ટૂંકમાં નોંધો.

(૪) પ્રાકૃતિક આપત્તિઓ કઈ કઈ ગણાય ?

(૫) માનવસર્જિત આપત્તિઓનાં બે દૃષ્ટાંત લખો.

(૬) આપત્તિ-વ્યવસ્થાપન કેટલા પ્રકારનું હોય છે ? જણાવો.

(૭) દરિયાઈ પ્રદૂષણની કેવી કેવી અસરો પડે છે ?

(૮) ધરતીકંપ થવાથી શું શું અસર પડે ?

(૯) પ્રદૂષણના વૈશ્વિક પ્રશ્નોમાંથી કોઈ બે નોંધો.

(૧૦) ઊર્જા ઘટકો એટલે કયા કયા ઘટકો ? નોંધો.

(2) 'અનુવાદ વિજ્ઞાન અને અનુવાદ સાહિત્ય' (કૃતિ : 'ખુરશીઓ') *(EC-404-III)*

૧ અનુવાદની જરૂરી વ્યાખ્યા આપી, તેનું સ્વરૂપ સ્પષ્ટ કરો.

અથવા

૧ બંને ટૂંકનોધ લખો :

(૧) અનુવાદ : વિજ્ઞાન, કલા કે કૌશલ્ય ?

(૨) અનુવાદની ઉપયોગિતા.

૨ ગમે તે **બે** ટૂંકનોંધ લખો :

(૧) અનુવાદની પ્રમુખ સમસ્યાઓ તથા તેના ઉકેલ.

(૨) અનુવાદની મર્યાદાઓ.

(૩) અનુવાદકની આવશ્યક સજ્જતા.

(૪) અનુવાદના વિવિધ પ્રકાર.

૩ ગુજરાતી ભાષાની કૃતિઓના પરભાષામાં થયેલા અનુવાદ વિશે પરિચયાત્મક નોંધ આપો.

અથવા

૩ ગુજરાતી ભાષામાં થતી અનુવાદ-પ્રવૃત્તિનું ચિત્ર સ્પષ્ટ કરો.

૪ ગુજરાતી અનુવાદિત કૃતિ 'ખુરશીઓ'ની આસ્વાદલક્ષી ચર્ચા કરો.

અથવા

૪ અનુવાદિત કૃતિ તરીકે 'ખુરશીઓ' ની વિશેષતાઓ તથા મર્યાદાઓ સ્પષ્ટ કરો.

૫ કોઈપણ **સાત**નો ટૂંકમાં જવાબ આપો.

(૧) 'અનુવાદ' શબ્દનો અર્થ આપી, તેના બે પર્યાય નોંધો.

(૨) અનુવાદ તથા અનુસર્જન વચ્ચેનો તફાવત જણાવો.

(૩) અનુવાદનાં કોઈપણ ચાર ક્ષેત્ર જણાવો.

(૪) અનુવાદ સંદર્ભે સ્ત્રોતભાષા અને લક્ષ્યભાષાનો અર્થ આપો.

(૫) અનુવાદ પ્રક્રિયામાંનાં કેટલાંક સોપાન નીચે આડાંઅવળાં થઈ ગયાં છે. તેમને યોગ્ય ક્રમમાં ગોઠવો.

- મૂળ ભાષાના ભાવનો મનમાં બીજી ભાષામાં અનુવાદ કરવો.
- મૂળ ભાષાની કૃતિ વાંચવી.
- મનમાં કરેલા અનુવાદને મૌખિક કે લિખિત સ્વરૂપે વ્યક્ત કરવો.
- મૂળ કૃતિનો ભાવ ગ્રહણ કરવો.

(૬) રવીન્દ્રનાથ ટાગોરને મળેલા નોબેલ પુરસ્કારના મૂળમાં તેમની કઈ કૃતિના, કઈ ભાષામાં થયેલા અનુવાદને ધ્યાનમાં રખાયો છે ?

(૭) ભારતીય ભાષાઓ પૈકી કઈ બે ભાષામાંથી ગુજરાતી ભાષામાં સવિશેષ પ્રમાણમાં અનુવાદ થયા છે ?

(૮) અન્ય ભાષામાં અનુવાદ થયો હોય એવી ચાર ગુજરાતી કૃતિઓના નામ આપો.

(૯) ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે અનુવાદ - પ્રવૃત્તિમાં પ્રદાન આપનાર કોઈપણ ચાર અનુવાદકોના નામ આપો.

(૧૦) 'The Chairs' એ મૂળ કઈ ભાષાની કૃતિ છે ? તેના અંગ્રેજી અનુવાદ પરથી ગુજરાતીમાં અનુવાદ કોણે કર્યો છે ?

(૧૧) યુજિન ઈયોનેસ્કોનું નામ મુખ્યત્વે કયા નાટ્યપ્રકાર સાથે જોડાયેલું છે ? તેમનાં કોઈપણ બે નાટકોનું નામ લખો.

(૧૨) 'ખુરશીઓ'માં આવતાં ત્રણ પાત્રોના નામ જણાવો.

---